# કઠલાલ નગરપાલિકા તા. કઠલાલ, જી.ખેડા

## (Website-www.kathlalnagarpalika.org)

## સફાઈ કામદાર ભરતી અંગેની જાહેરાત

કઠલાલ નગરપાલિકામાં નીચે મુજબની જગ્યાઓ સરકારશ્રીના પ્રવર્તમાન ધારા ધોરણ મુજબ કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલીટી એડમીનીસ્ટ્રેશન કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૦૭/૦૬/૨૦૧૮ ના હુકમ ક્રમાંક નં./કમિ. મ્યુનિ. એડી/મહેકમ-૧/કઠલાલ/ફા.નં. ૧૪૫૧/વશી ૧૩૦૫-૧૨૬૭/૨૦૧૮/૭૧૭૧અન્વયે મંજુરી આપ્યા મુજબની શરતોને આધિન - ૫ (પાંચ વર્ષ) સુધી ફીક્સ પગારના અજમાયશી તરીકે સીધી ભરતીથી ભરવા માટે જરૂરી લાયકાત તથા અનુભવ તથા શારીરીક ક્ષમતા ધરાવતા ઉમેદવારો પાસેથી જાહેરાત પ્રસીધ્ધ થયેથી તા.૦૮/૦૩/૨૦૧૯ સુધીમાં કઠલાલ નગરપાલિકામાં મળી જાય તે રીતે સીલબંધ કવરમાં માત્ર રજીસ્ટર એડી. (R.P.A.D.) થી અરજી મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત | કેટેગરી મુજબની જગ્યાની સંખ્યા | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિન અનામત | | સા.શૈ.પછાત | | અ.જા. | | અ.જ.જાતિ | | કુલ |
| | | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | |
| ૧ | સફાઈ કામદાર (સ્વીપર) | ૧.ધોરણ-૩ પાસ<br>૨. ગુજરાતી લખી વાંચી લખી શકે તેવા | ૧૦ | ૫ | ૫ | ૨ | ૧ | ૦ | ૨ | ૧ | ૨૬ |

શરતો :- (૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પત્રક્રમાંક EST/ ૧૦૨૦૦૫/૬૨૦૮/આર. તા.૮/૫/૨૦૧૬ ના પત્ર મુજબ સીધી ભરતી થી નિમણૂંક પાંચ વર્ષના સમયગાળા માટે ફીક્સ પગાર અજમાયશી તરીકે નિમણૂંક આપવામાં આવશે. તથા સરકારશ્રી તરફથી વખતો વખત જે સુધારા જાહેર થશે તે લાગુ પડશે

(૨) કઠલાલ નગરપાલિકાના કર્મચારીઓના કિસ્સામાં નિયામકશ્રીની કચેરી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્રક્રમાંક નંબર નપાની /યુ.૧/વશી /૪૦૩૫/૦૪ તા.૦૩/૦૮/૨૦૦૪ થી પરીપત્ર કરાયેલ અમરેલી નગરપાલિકાના કિસ્સામાં સ્પે.સી.એ નં.૫૭૪૬/૧૯૯૯/માં નામ.હાઈકોર્ટની ફુલ બેંચ દ્વારા અપાયેલ જજમેન્ટમાં દર્શાવેલ ગાઈડલાઈનને ધ્યાને લઇ સીધી ભરતીથી જગ્યાઓ ભરવામાં આવશે.

(૩) આ જગ્યાઓ પ્રવર્તમાન રોસ્ટર રજીસ્ટરને ધ્યાને લઇને ભરવામાં આવશે.

(૪) આ જાહેરાત પ્રસિધ્ધ થયા અગાઉની અરજીઓ તથા અધુરી વિગતો દર્શાવતી અરજીઓ તથા સમય મર્યાદા બાદ મળેલ અરજીઓ માન્ય ગણવામાં આવશે નહી.

(૫) ઉમેદવારોને ઈન્ટરવ્યુંમાં મર્યાદીત સંખ્યામાં પસંદગી સમીતી નક્કી કરે તે પ્રમાણે ઉમેદવારોને મેરીટ લીસ્ટ મુજબ ઈન્ટરવ્યુંમાં બોલાવવામાં આવશે. જેમાં ઉમેદવારે સ્વખર્ચે હાજર થવાનું રહેશે.

(૬) અરજદારે અરજી સાથે જન્મનો દાખલો / શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, શૈક્ષણિક લાયકાત, જાતી અંગેનું પ્રમાણપત્ર (અ) ઉમેદવારોએ જાતી અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતોવખત નિયત કરેલ નમુના મુજબ હોવું જોઇએ (બ) શા.શૈ.પ. વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનો સામાજીક અને ન્યાય અધીકારીતા વિભાગના ઠરાવ મુજબ નિયત થયેલ પ્રમાણપત્ર નમૂનામા બિડાવાનું રહેશે. તથા અનુભવ અંગેના પ્રમાણપત્રની ખરી નકલો રજુ કરવી. તથા અરજી ઉપર તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ - ૦૧ લગાવવાનો રહેશે. ખોટા આધાર પુરાવા સામેલ કરનારની અરજી ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

(૭) વય મર્યાદા સરકારશ્રીના નીતીનિયમો મુજબની રહેશે. તેમજ અનામત વર્ગના ઉમેદવારોને સરકારશ્રીના નિયમો મુજબ છુટછાટ રહેશે. અને તા.૨૦/૨/૨૦૧૯ ની સ્થીતીએ વય મર્યાદા ગણવામાં આવશે અને ૨૦/૦૨/૧૯ની સ્થીતીએ નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો અરજી કરી શકશે.

(૮) અરજીનો નમુનો કઠલાલ નગરપાલિકાની વેબસાઈટ www.kathlalnagarpalika.org પરથી ડાઉનલોડ કરી શકાશે.

(૯) અરજી મોકલવાનું સરનામું :- ચીફ ઓફીસરશ્રી, કઠલાલ નગરપાલિકા તાલુકો કઠલાલ, જી.ખેડા પીન-૩૮૭૬૩૦ રહેશે.અને અરજીના કવર પર જે જગ્યા માટે અરજી કરેલ હોય તે જગ્યાનું નામ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે. અન્યથા તે અરજી માન્ય ગણાશે નહી.

(૧૦) નિયામકશ્રી નગરપાલિકાઓ ગુ.રાજ્ય ગાંધીનગરના તા.૨૭/૨/૧૭ ના પરીપત્ર મુજબ સફાઈ કામદારની ભરતી રૂબરૂ મુલાકાતની જોગવાઈ અનુસાર કરવામાં આવશે.

(૧૧) આ જાહેરાત તથા સમગ્ર ભરતી પ્રક્રિયામાં કોઇપણ કારણોસર ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો તથા પસંદગી કરવી કે ન કરવી તે અંગે નગરપાલિકાને સંપૂર્ણ અબાધિત હકક/અધિકાર રહેશે. અને નગરપાલિકા આ માટે કોઇ કારણો આપવા માટે બંધાયેલ રહેશે નહી.

(૧૨) ન્યાય ક્ષેત્ર કઠલાલ રહેશે.

તા.૧૯/૦૨/૨૦૧૯

સ્થળ : કઠલાલ

કે.કે.પ્રજાપતિ
સભ્ય સચિવ-પસંદગી સમિતિ અને
ચીફ ઓફીસર
કઠલાલ નગરપાલિકા

પ્રશાંત ડી. પટેલ
અધ્યક્ષ-પસંદગી સમિતિ અને
પ્રમુખ
કઠલાલ નગરપાલિકા

(નામાની/નડી-૬૫૭/૧૮-૧૯)